Permitted to Post at PSO-AHD : On every Wednesday
Post Reg. No. GAMC-1438/2010-2012 Valid upto 31st December, 2012
Reg. under RNI No. GUJGUJ/2003/16248

સ્ટોક માર્કેટ અને આધુનિક આર્થિક પ્રવાહોની સચોટ માહિતી પ્રતિબિંબિત કરતું સફળ ગુજરાતી સાપ્તાહિક

# ધી ઇકોનોમિક રેવલ્યૂશન

# THE ECONOMIC REVOLUTION

Web site : www.theeconomicrevolution.com
Email : theeconomicrevolution@yahoo.co.in
Everythings that's on Monday !!!

● વર્ષ : ૭ ● અંક : ૦૬ ● તા. ૦૨.૦૨.૨૦૧૦ થી ૦૮.૦૨.૨૦૧૦ ● મહા વદ ૦૪ થી મહા વદ ૧૦ ● સં. ૨૦૬૬ ● તંત્રી : નરેન્દ્ર જોષી ●
● કાર્યાલય : ૧૧૫/૯૯૧, નિર્મલ એપાર્ટમેન્ટ, ટેલિફોન એક્સચેન્જ રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩ ● ફોન નં. : ૨૭૪૫૧૪૪૯, મોબાઈલ : ૯૮૨૫૦૬૫૩૮૭ ●

## આરબીઆઈની ચૂસ્ત નાણાંનીતિને પચાવીને બેંકો અને કંપનીઓ બજારને તેજીના હવે પછીના રાઉન્ડમાં લઈ જશે

નમસ્કાર મિત્રો,

વિતેલા સપ્તાહ દરમ્યાન બજારોમાં ગભરામણના વાતાવરણ વચ્ચે કરેક્શન અને પ્રોફીટ બુકિંગનો દોર જારી રહ્યો હતો. બીએસઈનો સેન્સેક્સ આંક ૧૬૩૭૫ અને એનએસઈનો નિફ્ટી આંક ૪૮૮૨ પર બંધ રહ્યો હતો. છેલ્લા બે થી ત્રણ સપ્તાહ દરમ્યાન બજારોમાં ૧૦ ટકાનું કરેક્શન અથવા પ્રોફીટ બુકિંગ આવ્યું છે. જો આ કરેક્શનના એક્સપ્લેઈન કરી શકાય તેવા કારણો જોવા જઈએ તો બજારોએ રિઝર્વ બેંક દ્વારા કેશ રિઝર્વ રેશિયોમાં ૦.૭૫ ટકા નો વધારો કર્યો તેને બજારોએ એડવાન્સમાં આમ બે ત્રણ સપ્તાહ સુધી ડીસ્કાઉન્ટ કર્યું છે. વધુમાં એક ધારી ૧૭૦૦૦ સુધીની તેજી બાદ તેજીની શરુઆત થી પ્રવેશેલા ઈન્વેસ્ટરો અને ટ્રેડરો પ્રોફીટ બુકિંગ કરી રહ્યા છે. નવા વર્ષની શરુઆત સાથે એફઆઈઆઈ અને અન્ય ફંડ મેનેજર પણ પોતાનો પોર્ટફોલિયો શફળ અને રિબેલેન્સ કરી રહ્યા હોઈ શકે છે.

ખેર વિતેલા સપ્તાહે છેલ્લા ટ્રેડીંગ દિવસે રિઝર્વ બેંક દ્વારા ૦.૭૫ ટકા સીઆરઆરમાં વધારો કર્યો કે જેના કારણે નાણાંકીય બજારો અને બેંકિંગ સિસ્ટમમાં થી ૩૬, ૦૦૦ની લિક્વીડીટી શોષાઈ જવાની ગણતરી છે. સીઆરઆરને ૫ ટકામાંથી ૫.૭૫ ટકા વધારા છતા ઘણા બેંકિંગ શેરો અને ઈન્ટરેસ્ટ રેટ સેન્સેટીવ રીયલ એસ્ટેટના શેરોમાં જાહેરાત પહેલા ઘટાડો થયો તેમાં રિકવરી જોવા મળી હતી. આ રીકવરી ઈન્ટ્રા ડે શોર્ટ કવરીંગ કે લોંગ કવરિંગ ના કારણે પણ આવી હોઈ શકે છે. હવે આગામી મોનેટરી પોલીસી રિવ્યુ એપ્રિલમાં આવશે.

અમુક અર્થશાસ્ત્રના તજજ્ઞો આવનારી મોનેટરી પોલીસી રિવ્યુમાં બેંક એફડી ના વ્યાજ દરો વધશે તેવી ધારણા પણ કરી રહ્યા છે. જો આમે થાય તો શેર બજારોમાંથી લો રિસ્ક ઈન્વેસ્ટરોના પૈસા થોડા અંશે ખેંચાઈ જવાની શક્યતા છે. જો કે તેથી બજારોની રુખ પર કોઈ વધુ અસર થવા પામશે તેવું જણાતું નથી. કારણ કે આમેય બજારો હાઈ રિસ્ક અને મીડ રિસ્ક લેવા વાળા રોકાણકારો ઉપરાંત ટ્રેડર પર ચાલે છે. અને ઘણા લોકો મ્યુચ્યુઅલ ફંડને લો રિસ્ક રોકાણ અને સેફ માનવાની ભૂલ કરી બેસીને આખરે તો એ પૈસા બજારોમાં જ આવે છે.

આંતરરાષ્ટ્રીય ક્ષેત્રની વાત કરીએ તો એમેરિકામાં જીડીપી વિકાસ દર ૬

**શેરબજારની સમીક્ષા**



**દિપક અમીન**
**મો. ૯૯૦૯૫૧૨૫૭૯**

વર્ષ બાદ સૌથી વધારે વધીને આવ્યો છે. પરંતુ ડાઉ જોન્સમાં નરમાઈ જારી રહી હતી. જેના કારણે એવું તારણ કાઢવામાં આવી રહ્યું છે કે એ જીડીપીના નંબર પહેલાં જ ડીસ્કાઉન્ટ કરી દેવામાં આવ્યા હતા અને માટે જ અમેરિકન બજારો સતત ૬ મહિનાથી વધતા રહ્યા છે.

ખેર, અગાઉના લેખોમાં આપણે ઓઈલ એન્ડ ગેસ સેકટર અને રીયલ એસ્ટેટ સેક્ટર વિશે વર્ષ ૨૦૧૦માં ઈન્વેસ્ટમેન્ટ કરવા લાયક છે તે વાત કરી હતી. મિત્રો આ બે સેક્ટર ૨૦૦૯માં અંડરપર્ફોર્મર રહ્યા છે. ઉપરાંત ટેકનીકલી પણ આ સેક્ટર્સમાં તેજી રહેશે તેવી અમારી રિસર્ચ ટીમનું તારણ છે. વધુમાં હવે મોનેટરી ટાઈટનીંગ ને બજારો, બેંકો અને કંપનીઓએ પચાવી લઈને તેજીનો નવો તબક્કો શરુ થશે તેવું લાગે છે.

**હાલના વોલેટાઈલ બજારમાં અને જયારે બજેટ માથા ઉપર છે ત્યારે ફેબ્રુઆરી માસમાં આવતા કોઈ પણ આઈપીઓમાં અથવા તો કોઈ પણ શેરમાં લાંબા ગાળાનું રોકાણ કરવું અને જાળવી રાખવું અતિ જોખમકારક જણાઈ રહેલ છે. બજેટમાં માનનીય નાણાંમંત્રીશ્રી રાહત પેકેજ વિષેની સ્પષ્ટતા કરે ત્યાર બાદ જ બજારોનો માર્ગ નક્કી થશે અને તે પછી જ કોઈ પણ આઈપીઓ અથવા તો લાંબાગાળના રોકાણ માટે વિચારી શકાય**

## ૧ લી ફેબ્રુઆરીથી ૫ મી ફેબ્રુઆરી સુધી બજારનો રિવ્યૂ

**નિફ્ટી (૪૮૮૨)**
**સેન્સેક્ષ (૧૬૩૫૮)**
**તા. ૨૯.૦૧.૧૦**

અમોએ જણાવેલ જો કે ટેકનીકલી ટૂંકા ગાળાના સંકેતો સ્ટ્રેચ મોડ દર્શાવી રહેલ છે અને તેથી હવે નિમ્ન ગતિ સિમિત જણાય છે. હવે આગળ ઉપર એફ એન્ડ ઓ એક્ષપાયરી આવી રહેલ છે અને હવે બજાર ઉંચી સપાટીએ બંધ આપવા માટે અહીંથી ઉપર તરફ જઈ શકે છે.

બજારે એફ એન્ડ ઓ એક્ષપાયરી પછી આશ્ચર્યજનક રીતે મજબૂતાઈ અને સ્થિરતા દર્શાવી અને ૪૮૦૦ પોઈન્ટ ઉપર બંધ આપ્યો.

**બજારનો રિવ્યૂ**



**પ્રકાશ ગાબા**
**મો. ૯૩૨૨૨૧૦૯૦૭**
prakashgaba@hotmail.com
http://www.prakashgaba.com

જો કે ટેકનીકલી રૂખ હજુ નીચે તરફ છે પરંતુ નિમ્ન ગતિમાં આવેલ મંદ ગતિ દર્શાવી રહેલ છે કે બજાર નિમ્નગતિમાં મંદતા દાખવી રહેલ છે અને આવનાર દિવસોમાં બાઉન્સ માટેની તક શોધી રહેલ છે. ૪૮૦૦ ની સપાટી સ્થિર વિસ્તાર લાગે છે અને બજાર ૫૦૩૦ ની સપાટી હાંસલ કરી શકે.

નિફ્ટી માટેની ટેકાની સપાટી ૪૮૦૦ અને મજબૂત પ્રતિકારક સપાટી ૫૦૩૦ છે.

સેન્સેક્ષનો ટેકો ૧૬૦૦૦ છે. જયારે મજબૂત પ્રતિકારક સપાટી ૧૬૮૪૭ છે.

ટ્રેડીંગની દ્રષ્ટિએ જયાં સુધી ૪૮૦૦ની સપાટી પર બજાર ટકી રહે ત્યાં સુધી હું લોંગ પોઝીશન જાળવી રાખવાની ભલામણ કરૂં છું.

## કેટલીક અગત્યની વ્યાખ્યાઓ

**વિલીયમ્સ % આર :**

આ પધ્ધતિ લેરી વિલીયમ્સ દ્વારા વિકસાવવામાં આવેલ છે. વિલીયમ્સ % આર એ મોમેન્ટમ ઈન્ડીકેટર છે અને તે મોટેભાગે સ્ટોકેસ્ટિકની માફક જ કાર્ય કરે છે અને ખાસ કરીને ઓવરબોટ અને ઓવરસોલ્ડ સપાટીઓ માપવા માટે જાણીતું છે. જેમાં માત્ર ૦ થી -૧૦૦ની રેન્જમાં મપાય છે. જેમાં ૦ થી -૨૦ ઓવરબોટ દર્શાવે છે અને -૮૦ થી-૧૦૦ ઓવરસોલ્ડ દર્શાવે છે.

**ગણતરી**

%આર = ((ઉચામાં ઉંચું મુલ્ય (ઉંચુ મુલ્ય, જેટલા સમયગાળાને પસંદ કરેલ હોય તેની સંખ્યા) - બંધ )/ (ઉંચામાં ઉંચુ મુલ્ય (ઉંચાઈ, જેટલા સમયગાળાને પસંદ કરેલ હોય તેની સંખ્યા) - ઓછામાં ઓછું મુલ્ય (નીચી સપાટી જેટલા સમયગાળાને પસંદ કરેલ હોય તેની સંખ્યા )))* -૧૦૦

લાક્ષણિક રીતે, વિલીયમ્સ % આર ૧૪ સમયગાળાનો ઉપયોગ કરીને ગણવામાં આવે છે અને તેનો ઉપયોગ ઈન્ટ્રાડે, દૈનિક, સાપ્તાહિક, અથવા તો માસિક ડેટા માટે કરવામાં આવે છે. સમયગાળો અને સમયગાળાની સંખ્યા જરુરિયાત મુજબ તેમ જ વ્યક્તિગત શેરના પ્રકાર મુજબ અલગ અલગ હોઈ શકે.

આ ઈન્ડીકેટરમાં ઝડપી અથવા તો મંદ સંકેતની કોઈ જ લાઈન હોતી નથી.

**ઉપયોગ**

એ બાબત યાદ રાખવી ખાસ અગત્યની છે કે એ જરુરી નથી કે ઓવરબોટ વેચાણના સંકેત આપે અને એ પણ જરૂરી નથી કે ઓવરસોલ્ડ ખરીદીના સંકેત આપે. એક વખત કોઈ પણ શેર ઓવર બોટ અથવા તો ઓવરસોલ્ડ બને તો ટ્રેડર્સે પ્રાઈઝ રિવર્સલના સંકેત મળે ત્યાં સુધી રાહ જોવી જોઈએ. ફરી એક વાર જયારે શેર ઓવરબોટ રીજીઅનમાં પ્રવેશે ત્યારે આપણે શોર્ટ સેલ કરવું જોઈએ.

જો તમે રૂખ અનુસાર વ્યાપાર કરતા હો તો આનો ઉપયોગ એમ એ સી ડી સાથે કરવો ખૂબ સારો અને સાનુકૂળ રહેશે. જો સાત દિવસના માપદંડનો ઉપયોગ કરવામાં આવે તો વ્યાપાર કરવો ખૂબ જ સરળ બનશે.

**ટ્રેડર્સ માટે ટેકનીકલ એનાલીસીસ**



**સંજય લાડ**
**મો. ૯૮૨૦૯૨૦૫૩૦**

## આગામી સપ્તાહે જો સેન્સેક્ષ ૧૬૪૬૭ ઉપર ટકી રહે અથવા તો ૧૬૧૭૩ નીચે ટકી રહે તો તે મુજબ બજારની આગામી રુખ નક્કી થશે

**તા. ૦૧.૦૨.૨૦૧૦ થી તા. ૦૫.૦૨.૨૦૧૦**

**બજારનું સાપ્તાહિક વિહંગાવલોકન**

'ન્યુ યર ૨૦૧૦ સ્પેશિયલ' ના અંકમાં અમોએ જણાવેલ તે મુજબ જાન્યુઆરી માસમાં ઝડપી અને સ્માર્ટ પ્રોફીટ બુકીંગ જોવા મળ્યું. હવે આ સપ્તાહે આ પ્રોફીટ બુકીંગ / કરેકશન આ ટેકો લે તેવી અપેક્ષા છે અને આ સપ્તાહે નવી રેલી 'બજેટ રેલી' જોવા મળે તેવી શકયતા છે.

સી. આર. આર.માં વધારો પણ સપ્તાહના અંત સુધી બજાર પર તેની ખાસ અસરો ઉપજાવી શકયો નહીં અને બજારને રેપો રેટમાં કોઈ ફેરફાર નહીં, સારા જીડીપી દરની આગાહી અને ત્રિમાસિક ગાળાનાં મજબૂત કોર્પોરેટ પરિણામોનો ટેકો સાંપડયો.

**સેન્સેક્ષ ૧૬૩૫૮**

**ટેકનીકલ દ્રષ્ટિકોણ (તા. ૦૧.૦૨.૨૦૧૦ થી તા. ૦૫.૦૨.૨૦૧૦)**

આ સપ્તાહે ૧૬૪૬૭ અને ૧૬૧૭૩ અગત્યની સપાટીઓ છે, આગામી સપ્તાહે જો સેન્સેક્ષ ૧૬૪૬૭ ઉપર ટકી રહે અથવા તો ૧૬૧૭૩ નીચે ટકી રહે તો તે મુજબ બજારની આગામી રુખ

**બાય એન્ડ સેલ**

**રમેશચંદ્ર**
**મો. ૯૮૯૪૦૪૩૦૯૦**
E-Mail:
buysell_india@yahoo.com,
buysell_stocktips@yahoo.com

અનુસંધાન ૪ થા પાને

## ફેબ્રુઆરી - માર્ચના ૨૦૧૦ ઈન્ડેક્ષના ઘટાડામાં સારા ફન્ડામેન્ટલવાળા સ્મોલકેપ- મીડકેપ ખરીદો : એપ્રિલ - મે ૨૦૧૦માં આ શેરો ખૂબ વધશે

ઈન્વેસ્ટર મિત્રો,

મુંબઈ શેર બજારનો સુચકાંક ૧૬૩૫૭ બંધ આવ્યો છે. છેલ્લા અઠવાડીયામાં ૧૭૦૦ પોઈન્ટનો ઘટાડો આવ્યો છે. જે ટેકનીકલી તંદુરસ્ત નિશાની છે. દરેક ઈન્વેસ્ટરને એવું થાય કે હવે શું? આરબીઆઈ એ નવી ધિરાણનીતિ જાહેર કરી છે અને સીઆરઆરમાં ૦.૭૫ ટકાનો વધારો કર્યો છે. જેમાંથી બજારમાંથી ૩૬૦૦૦ કરોડ સરકાર પાસે ખેંચાઈ જશે. છતાં આનાથી ગભરાઈ જવા જેવું નથી. કારણ કે બજારમાં હજુ પુષ્કળ લિક્વિડીટી છે. અને વ્યાજના દર હાલ વધે એવું લાગતું નથી. સરકારને પણ ડીસઈન્વેસ્ટમેન્ટ દ્વારા નાણાં એકઠા કરવાના છે. તેથી સરકાર પણ મંદી નથી ઈચ્છતી.

યુએસએ માં છેલ્લા ૬ વર્ષમાં હાઈએસ્ટ એવો ૫.૭નો જીડીપી ગ્રોથ જાહેર કર્યો છે. જે દુનિયાની ઈકોનોમી માટે બુલિશ ફેક્ટર છે. મોટાભાગની

**ગોલ્ડ માઈન**
**મોના વકીલ**

ભારતીય કંપનીઓ ૩૧-૧૨-૦૯ના રિઝલ્ટ જાહેર કર્યા છે. જે એકંદરે ધારણા પ્રમાણે સંતોષકારક છે.

અમે અવારનવાર આ લેખમાં જણાવીએ છીએ કે જે કંપનીઓના ફંન્ડામેન્ટલ અત્યંત ઉંચા છે એવી કંપનીઓ વિશે અમે આપને જણાવીશું. ૩૧-૧૨-૦૯ના રિઝલ્ટ એનાલિસ કરી અમે ઘણી કંપનીઓ શોધી છે જે વિશે આ લેખમાં અવારનવાર માહિતી આપીશું.

**૧. મોહીસન મેટલ**

**બીએસઈ કોડ. ૫૦૬૨૬૧** થી બીએસઈ ખાતે લીસ્ટેડ રૂા. ૧નો ૨૨ રૂા.માં મળતો ૪૦ ટકા ડિવિડન્ડ ચૂકવતી ઈલેક્ટ્રીકલે ઈક્વિપમેન્ટ ક્ષેત્રનો આ શેર આ ભાવે નીચેના કારણસર લેવા જેવો છે.

(૧) કંપનીની ઈક્વિટી કેપીટલ ફક્ત ૩ કરોડની છે જેમાં ૬૩ ટકા પ્રમોટરો અને ૭ ટકા મ્યુચ્યુઅલ ફંડ એમ ૭૦ ટકાનું હોલ્ડીંગ છે. જે બજારમાં નથી આવવાનું. આમાં ફલોટીંગ સ્ટોક ખૂબ જ ઓછો છે. (૨) કંપનીનું વેચાણ૩ કરોડ કેપીટલ ઉપર વર્ષે ૧૦૦ કરોડ અને ઓપરેટિંગ માર્જીન ૭૦ ટકા આસપાસ છે. (૩) કંપની સ્વીચગીયર બનાવે છે. જેની ખૂબ ડીમાન્ડ છે. (૪) સૌથી આકર્ષક પાસુ કંપનીએ ૩૦-૧૨-૦૯ના કવાર્ટર માટે તાજેતરમાં જાહેર થયેલ પરિણામો છે કંપનીએ નફામાં ૪૬૭ ટકાનો ઉછાળો બતાવી નફો ત્રણમહિનામાં ૩ કરોડની કેપીટલ ઉપર ત્રણ કરોડ ૧૭ લાખનો બતાવ્યો છે. જે અભૂતપૂર્વ કહેવાય. આમ વાર્ષિક ઈપીએસ ૧૦ રૂા.ના શેર ઉપર ૪૦ એવરેજ ગણાય. ૫ના પીઈથી મળે છે. આટલી નાની કેપીટલ જોતા ભાવમાં ઉછાળો આવી શકે. (૫) કંપની પાસે ૫૦ કરોડનું રિઝર્વ છે.

આ બધું જોતાં ૨૨ થી ૨૪ના ભાવે સોમવારે ખૂલતાં અચુક લેવાય ત્રણ મહિનામાં સુંદર વળતર મળે.

**૨. ટ્રાઈટન વેલ્યુ**

**બીએસઈ કોડ. ૫૦૫૯૭૮** થી બીએસઈ ખાતે લીસ્ટેડ રૂા. ૧૩૪૦ માં મળતો ૧૯૭૬ થી કાર્યરત ઓટો એન્સીલરી ક્ષેત્રનો આ શેર ભવિષ્યનો હીરો છે. જેનાં કારણો નીચે મુજબ છે.

(૧) મુંબઈ શેર બજારની લીસ્ટેડ કંપનીઓમાં સૌથી ઓછી શેર મૂડી એટલે કે ફક્ત ૩૨ લાખની કેપીટલ ધરાવતી આ એક જ કંપની છે. (૨) કંપની પાસે ૩૪ કરોડનું રિઝર્વ છે. (૩) ફ્રાન્સની પ્રખ્યાત કંપની સાથે કંપનીનું કોલોબરેશન છે. (૪) ૩૧-૧૨-૦૯ના વર્ષ માટે કંપનીએ નફામમાં ૧૨૦ ટકાનો ઉછાળો બતાવી ૭૫ લાખનો નફો બતાવ્યો છે. (૫) જાણીતા પાવરફૂલ ઓપરેટરની રડારમાં આ શેર આવ્યો છે.

એક વર્ષના એંગલથી ૧૩૫૦ના ભાવે અચુક ૧૦ શેર લઈ રાખો. આગામી

અનુસંધાન ૫ પાને

**તેજી હોય કે મંદી,સોનાની ખાણ જેવા ફંડામેન્ટલ મજબૂત શેરોની એટલે કે**
**MIDCAP - MULTI BAGGER ટીપ્સ**
**માટે સાચા અને શાણા રોકાણકારો તાત્કાલિક ૦૯૯૨૫૦૦૨૬૧૯ પર સંપર્ક કરો અથવા તો log on**
www.theeagleinvestor.co.in

**બજારના સમયે લાઈવ મેસેજ આપના મોબાઈલ પર**
**ફક્ત માસિક રૂ. ૧૦૦૦**
**એસએમએસ દ્વારા બજારની સલાહ મેળવો એક સાથે ત્રિમાસિક ફી ભરનારને ૧૦ ટકા ડીસ્કાઉન્ટ વધુ**
**વિગત માટે : નરેન્દ્ર જોષી, મો.૯૮૨૫૦૬૫૩૮૭**



## ખટ્ટા-મીઠ્ઠા સટ્ટા

- નિશેષ જાની (મો) ૦૯૩૭૬૮૫૮૨૮૪, ૦૯૩૭૭૦૦૮૭૦૮

**નમસ્કાર મિત્રો,**

**આવતા સપ્તાહે બજારોની રુખ મહદ અંશે અમેરિકન બજારો પર નિર્ભર રહેશે. બજારોમાં સાવચેતીનું વાતાવરણ ચાલુ રહેશે.**

**આગામી સપ્તાહે નીચેના શેરોમાં ટ્રેડીંગ માટે ધ્યાન આપી શકાય.**

**રિલાયન્સ ઈન્ડ. :-**બજારની આ ટોપ કંપની માં ૧૦૨૫ના સ્ટોપલોસ સાથે ૧૦૬૬ અને ૧૦૮૨ને ટાર્ગેટ રાખી કામ કરવું.

**રિલાયન્સ કેપીટલ :-** અનિલ અંબાણી ગ્રુપની ફાઈનાન્શિયલ કંપનીમાં ૮૩૧ અને ૮૫૦નો ટાર્ગેટ ધ્યાનમાં રાખી ને લેણ કરવું જ્યારે ૭૭૭ નો સ્ટોપલોસ રાખવો.

**જીએમડીસી :-** માઈન અને મીનરલ ખનીજ વિકાસ ક્ષેત્રની આ કંપનીમાં ૧૩૭ નો સ્ટોપલોસ રાખીને ઉપમાં ૧૫૩ અને ૧૬૧નો ટાર્ગેટ રાખીને કામ કરવું.

**હેક્ઝાવેર :** આઈટી અને સોફટવેરની આ જૂની અને જાણીતી કંપનીમાં સુત્રો મુજબ કોઈ સારા સમાચાર આવી શકે છે. નીચેમાં ૭૫ના ટાર્ગેટ સાથે ૮૭ અને ૯૨નો ટાર્ગેટ રાખી કામ કરવું.

**ઈન્ડિયન ઓવરસીઝ બેંક :** પબ્લિક સેકટરની આ બેંકમાં ખરાબ પરિણામોના લીધે ખાસુ કરેક્શન આવેલ છે. ઓવરસોલ્ડ હોવાથી આમાં આવતા સપ્તાહે ૯૪ અને ૧૦૨નો નજીકનો ટાર્ગેટ રાખીને અને ૮૭નો સ્ટોપલોસ રાખીને લેણ કરવું.

## સોમવારે માર્કેટ ઊંચી સપાટીએ ખૂલશે અને મજબૂત રહેશે

**શરદ કોટક**